# IITમાં ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં રજૂ થયા યુનિક આઇડિયા



- ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ડિઝાઇનર્સ, રિસર્ચર્સ, એજ્યુકેટર અને આંત્રપ્રિન્યોર જોડાયા

**અમદાવાદ : ૭ નવેમ્બર ૨૦૧૪**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગરમાં ત્રિદિવસીય 'ડિઝાઇન ફોર અ બિલિયન' વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં ૨૦૦ કરતા વધારે ડિઝાઇનર્સ, રિસર્ચર્સ, એજ્યુકેટર અને આંત્રપ્રિન્યોર જોડાયા છે. જેમાં કોઇપણ ડિઝાઇન કેવી રીતે વધારે લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે છે તેના ડિસ્કશનનું આયોજન કરાયું હતું. સાથે જ પ્રોમિનન્ટ બિઝનેસ ડિઝાઇનર્સ દ્વારા કેસ સ્ટડી અને પોતે તૈયાર કરેલી પ્રોડક્ટ વિશે પણ પ્રેઝન્ટેશન આપ્યું હતું. ત્રણ દિવસ ચાલનારી આ ઇન્ટરનેશનલ કોન્ફરન્સના પહેલા દિવસે અલગ અલગ પ્રોજેક્ટ રજૂ કરાયા હતા. સાથે જ ત્રણ અલગ પ્રકારની ડિઝાઇન મોડલ જેવા કે ટેકનોલોજી સેન્ટર ડિઝાઇન, માર્કેટ ડ્રાઇવ ઇન ડિઝાઇન અને કલ્ચર સેન્સેટિવ ડિઝાઇન પર પણ ડિસ્કશન કરવામાં આવ્યું હતું.

## હવે બ્લિડિંગને આસાનીથી રોકી શકાશે

મુંબઇની ઇન્સ્ટિટ્યુટ ઓફ કેમિકલના પી.એચ.ડીના સ્ટુડન્ટ્સ નીતિન જાધવ, નિશા યાદવ, મૃણાલ પાટીલ, મહેન્દ્ર પ્રજાપતિ, અવિનાશ ચૌધરી દ્વારા 'એસ્મોસો બ્લોક- ડિઝાઇન ફોર બ્લોક' જે ગમે તેવા ફોર્સના બ્લિડિંગને રોકી શકે તે પ્રકારની ટેકનિકનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. જેમાં તેમણે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના આંકડા અંગે કહ્યું કે, દર વર્ષે ૫૦ મિલિયન લોકો અકસ્માત બાદ બ્લિડિંગને કારણે મૃત્યુ પામે છે. જ્યારે ૮૫ ટકા સોલ્જર બ્લિડિંગને કારણે મૃત્યુ પામે છે. ત્રણ વર્ષ રિસર્ચ બાદ આ મટિરિયલ તૈયાર કર્યું છે. જેનાથી બ્લિડિંગ રોકી શકાય. હોસ્પિટલ પહોંચશો ત્યાં સુધી લોહી રોકાઇ રહેશે.



## હવે સેનેટરી નેપકીનને રિયૂઝ કરી શકાશે



રાજસ્થાનથી આવેલા લક્ષ્મી મૂર્તિએ સેનેટરી નેપકિનનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. જે માત્ર કોટનમાંથી તૈયાર કરવામાં આવ્યું છે. તે કહે છે કે, આપણે ત્યાં ડિસ્પોઝિબલ ડાયપર, સેનેટરી નેપકિન, એડલ્ટ ડાયપર વેચાય છે. અમે એવા નેપકિન તૈયાર કર્યા છે જે વર્ષો પહેલા આપણા ગ્રાન્ડ દાદી યૂઝ કરતા. આ સેનેટરી નેપકિનનો તમે ૬૦ વખત યૂઝ કરી શકો છો. માર્કેટમાં જે પ્રકારના ડાયપર મળે છે તેનો વપરાશ બાદ આપણે તેને ફેંકી દઇએ છીએ. જેને તમે રી યૂઝ પણ કરી શકો છો.